# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૦૯



આત્માર્થીને તત્ત્વ કેમ ગ્રહણ થાય? તે જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. તેને બહારમાં ક્યાંય વિશેષ તન્મયતા થઈ જતી નથી. આત્માની મુખ્યતા છૂટીને ક્યાંય સંસારી કાર્યોમાં વિશેષ–વધારે પડતો રસ આવી જતો નથી. તેને આત્માનું જ પ્રયોજન રહે છે. એવી તેની પાત્રતા હોય છે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે વીતરાગી મુનિરાજ અત્યંત તીક્ષ્ણ સમ્યગ્જ્ઞાન અર્થાત્ ભેદવિજ્ઞાનરૂપી છીણી નાખીને અંતરંગમાં ભેદ કરીને આત્માના વાસ્તવિક સ્વરૂપને વર્ણ, રસ, ગંધ તથા સ્પર્શરૂપ દ્રવ્યકર્મથી અને રાગ-દ્વેષાદિરૂપ ભાવકર્મથી ભિન્ન કરીને પોતાના આત્મામાં પોતા માટે આત્મા વડે આત્માને સ્વયં પોતાથી ગ્રહણ કરે છે ત્યારે ગુણ-ગુણી-જ્ઞાતા-જ્ઞાનનો આત્મામાં જરાપણ વિકલ્પ રહેતો નથી. ૧૧૧૧. *(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૬, શ્લોક-૮)*

● જે ધર્માત્મા દાતાઓથી આપવામાં આવતાં દોષ રહિત ભોજનમાત્રને ગ્રહણ કરીને પણ લજ્જાને પામે છે તે સંયમધારી યતિ શું સંયમને નાશ કરવાવાળા પરિગ્રહને ગ્રહણ કરે? (કદાપિ નહિ.) ૧૧૧૨. *(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૦૪)*

● હે નાથ! જે પ્રમાણે સૂર્યના કિરણોથી ત્રણ જગતમાં ફેલાયેલા ભમરા સમાન કાળો અંધકાર નષ્ટ થઈ જાય છે, તે પ્રમાણે આપની સ્તુતિ કરવાથી જન્મોજન્મમાં એકઠાં થયેલાં જીવોના પાપો ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે. ૧૧૧૩.

*(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૭)*

● અજ્ઞાની જીવો ફૂલની માળા, સ્ત્રી, ચંદન વગેરેને તથા તેમના કારણભૂત દાન-પૂજાદિને હિત સમજે છે અને સર્પ, વિષ, કંટક વગેરેને અહિત સમજે છે. સમ્યગ્જ્ઞાની જીવો અક્ષય અનંત સુખને તથા તેના કારણભૂત નિશ્ચયરત્નત્રયપરિણત પરમાત્મદ્રવ્યને હિત સમજે છે અને આકુળતાના ઉત્પાદક એવા દુઃખને તથા તેના કારણભૂત મિથ્યાત્વ રાગાદિ-પરિણત આત્મદ્રવ્યને અહિત સમજે છે. ૧૧૧૪.

*(શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૨૫)*

● સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી વિભૂષિત પુરુષ જો તપ આદિ અન્ય ગુણોમાં મંદ પણ હોય તોય તે સિદ્ધિને પાત્ર છે અર્થાત્ તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એનાથી વિપરીત જો રત્નત્રય રહિત પુરુષ અન્ય ગુણોમાં મહાન પણ હોય તોય તે કદી સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. યોગ્ય જ છે—સ્પષ્ટ રીતે માર્ગથી પરિચિત મનુષ્ય જો ચાલવામાં મંદ પણ હોય તોય તે ધીરે ધીરે ચાલીને ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે પણ એનાથી વિપરીત જે અન્ય મનુષ્ય માર્ગથી અજાણ છે તે ચાલવામાં ખૂબ ઝડપી હોય તોપણ ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી. ૧૧૧૫.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ-પંચવિંશતિ અધિ-૧, શ્લોક-૭૪)*

વર્ષ-૩
અંક-૧૧




સંવત
૨૦૬૫
July
A.D. 2009

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી વિવિધ પ્રસંગે વહેલાં

## ❀ તત્ત્વબોધક વચનામૃત ❀

### * જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધામાં ભૂલ આવતી નથી. *

રુચિવાળા જીવને દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. મને મારું સ્વરૂપ કેમ ઓળખાય, ગુરુ મને શું માર્ગ બતાવે છે, ગુરુએ શું કહ્યું છે, એવા વિચારો તેને આવ્યા વગર રહેતા નથી પણ તેથી તેને વ્યવહારનો પક્ષ આવી જાય છે તેમ નથી. તેને ભાવના રહે છે તેથી ભક્તિ આવ્યા વગર રહેતી નથી. ગુરુ એમ કહે છે કે તું તારા શુદ્ધાત્માને ઓળખ, બધા શુભભાવથી તારો શુદ્ધાત્મા જુદો છે. છતાં જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી પણ તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તે જીવ વ્યવહારથી લાભ માને, તેમાં સર્વસ્વ માને, તેનાથી મને મોક્ષ મળશે તેમ માને તો તેમાં વ્યવહારનો પક્ષ આવે છે. બાકી જે શુભભાવ આવે તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. શુભભાવ આવે છે તેની સાથે જિજ્ઞાસુની શ્રદ્ધા એવી થઈ જતી નથી કે આ શુભભાવથી મને લાભ છે. જિજ્ઞાસુની શ્રદ્ધા અને રુચિ તેમાં ભેગાં ભળી જતાં નથી.

જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે. શુભભાવ તારું સ્વરૂપ નથી એમ ગુરુએ જે કહ્યું છે તે તેણે વિચારથી દૃઢ કરેલ છે. તેથી શુભભાવ આવે એટલે તેમાં વ્યવહારનો પક્ષ આવીને એવી શ્રદ્ધા થઈ જતી નથી.

શુભભાવથી મને લાભ થાય, દેવ-શાસ્ત્ર-ગુરુ મને લાભ કરી દેશે, તેઓ કરે તેમ થાય, હું મારા પુરુષાર્થથી કાંઈ કરી શકું નહિ એવી જેને માન્યતા નથી તેને વ્યવહારનો પક્ષ આવતો નથી. જેને એવી શ્રદ્ધા છે કે હું મારાથી કરું ત્યારે જ થવાનું છે, છતાં ગુરુ મને ઉપકારરૂપ છે અને ગુરુએ જ મને બધું આપ્યું છે, એવી શુભ ભાવના આવે છે પરંતુ તેનાથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેની શ્રદ્ધા તો જુદી જ રહે છે.

યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી છે, તે સહજરૂપે જ્ઞાનીને–ભેદજ્ઞાનીને હોય છે. જિજ્ઞાસુને પણ બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધાંમાં ભૂલ આવતી નથી. ગુરુની ભક્તિ કરે તેમાં શ્રદ્ધાની ભૂલ આવતી નથી, તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. જિજ્ઞાસુ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરે છે; છતાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેમાં સર્વસ્વ માને ત્યારે વ્યવહારનો પક્ષ આવે છે.

જેને ભેદજ્ઞાન પ્રગટ થયું છે એવા આચાર્યો ધવલાદિ શાસ્ત્રો રચે છે, કોઈ અધ્યાત્મનાં શાસ્ત્રો રચે છે તો તેમાં પક્ષ આવી જાય છે? પદ્મનંદિ આચાર્ય ભક્તિનાં શાસ્ત્રો રચે છે, તો તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી, ત્યાં પણ સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. જિજ્ઞાસુએ નક્કી કર્યું છે કે આ બધા વિભાવથી છૂટો હું ચૈતન્ય દ્રવ્ય છું, તે ભલે બુદ્ધિથી નક્કી કર્યું છે છતાં તેને ભક્તિના ભાવ આવે અને તે કાર્યમાં જોડાય તેથી કંઈ ભક્તિના કાર્યથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી.

## * વિકલ્પના અભ્યાસમાં વિકલ્પ જ દેખાય છે *

અનાદિથી વિકલ્પનો અભ્યાસ થઈ રહ્યો છે એટલે વિકલ્પ જ દેખવામાં આવે છે તથા વિકલ્પ મંદ થાય તો શાંતિ લાગે છે અને વિકલ્પ વધારે હોય તો આકુળતા લાગે છે. પરંતુ આ તો અંતરમાં વિકલ્પ રહિત થવાની વાત છે. આત્મા પોતે–સ્વયં જાગૃતસ્વરૂપ છે, અસ્તિસ્વરૂપ છે. તેનું અસ્તિત્વ કાંઈ ચાલ્યું ગયું નથી. વિકલ્પની અસ્તિ ચાલી ગઈ, છતાં પોતાનું અસ્તિત્વ ઊભું રહે છે અને તે અસ્તિત્વ ચૈતન્યપણે છે. તે ચૈતન્ય આનંદગુણથી ભરપૂર છે. તેનો આનંદગુણ કોઈ જુદો જ છે–અદ્ભુત છે અને જ્ઞાનગુણ પણ કોઈ અદ્ભુત છે. એવા તો અનંતગુણો તેમાં છે. બધા વિકલ્પો છૂટી જાય તો પછી રહેશે કોણ? એક આત્મા રહે છે. તેમાં આનંદગુણ પ્રગટે છે, આનંદગુણની અનુભૂતિ થાય છે. વિકલ્પના અભ્યાસમાં વિકલ્પ જ દેખાય છે, બીજું કાંઈ દેખાતું નથી. તેથી તેને એમ થાય છે કે વિકલ્પ છૂટી જતાં પછી રહેશે શું? આનંદગુણથી ભરેલો આત્મા રહે

છે. તે ચૈતન્ય અનંતગુણમાં ખેલે છે, રમે છે, ડોલે છે. કોઈ કહે છે કે અમને શાંતિ.....શાંતિ.....લાગે છે. પણ તે અમુક વિકલ્પ મંદ થાય તેની શાંતિ છે. જ્યારે આ શાંતિ તો કોઈ જુદી જ છે. તે પ્રગટ થતાં તેને અંદરથી તૃપ્તિ થાય છે કે આ સિવાય કોઈ માર્ગ નથી, આ જ મુક્તિનો માર્ગ છે.

## * ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે *

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે.

## * મર્યાદા રહિતના પરિણામ આત્માર્થીનાં હોય નહિ *

મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. આત્માર્થીને ન શોભે એવી જાતના–મર્યાદા તોડીને જે વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ, તેવાં કાર્યો પણ આત્માર્થીને હોય નહિ. જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે. પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી. પોતાના પરિણામ કઈ જાતના છે તે વિચારીને, તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે. આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે તેવા મર્યાદા રહિતના પરિણામ આત્માર્થીના હોય નહિ.

## * દ્રવ્યદૃષ્ટિસે આત્મા રાગસે ભિન્ન હી હૈ *

ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાય દેખનેવાલા અપનેકો દેખતા હૈ ઐસા પ્રવચનસારમેં કહા હૈ તો વહાં નિમિત્ત–ઉપાદાનકા સંબંધ દિખાયા હૈ. અનાદિકાલસે જીવને આત્માકો પીછાના નહીં. જબ ભગવાન જૈસા પ્રબલ નિમિત્ત મિલતા હૈ તબ આત્માકી પીછાન હોતી હૈ. અર્થાત્ ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાયકો સમજ લે તો અપના આત્મા સમજમેં આતા હૈ કિ જૈસી ભગવાનકી આત્મા વૈસી અપની આત્મા. ઐસે નિમિત્ત–ઉપાદાનકા સંબંધ દિખાતે હૈં.

તૂ સબસે ભિન્ન હૈ ઐસા સમયસારમેં દિખાતે હૈં. ભગવાનકી ધ્વનિ સુનનેમેં રાગ આતા હૈ વહ પ્રશસ્ત રાગ હૈ, વહ પ્રશસ્ત રાગકો તોડકર સ્વરૂપમેં લીન હોતે હૈં તબ

મુનિ વીતરાગ હો જાતે હૈં ઔર કેવલજ્ઞાન પા લેતે હૈં. મગર બીચમેં દિવ્યધ્વનિ સુનનેકા રાગ આતા હૈ, વહાં ભગવાન રાગકા વિષયભૂત પદાર્થ હૈ.

દ્રવ્યદૃષ્ટિસે આત્મા રાગસે ભિન્ન હી હૈ. પૂર્ણ વીતરાગસ્વરૂપ આત્મા હૈ, ઉસકો તૂ દેખ લે. યહ રાગાદિ તો સબ બાહ્ય હૈ ઔર બાહ્ય લક્ષસે હી દિવ્યધ્વનિ સુનને આદિકા રાગ આતા હૈ. ઈસલિયે તૂ દ્રવ્યદૃષ્ટિસે પૂર્ણ સ્વરૂપકો યથાર્થ દેખ લે. સૂક્ષ્મ પ્રશસ્ત રાગ ભી આત્માકા સ્વરૂપ નહીં હૈ. ઉપયોગ બાહર જાનેસે રાગ આતા હૈ ઔર સ્વરૂપમેં લીન હો જાય તો રાગ નહીં હોતા. પરંતુ બીચમેં રાગ આયે બિનાં રહતા નહીં. જબ તક સ્વરૂપકો સમજકર પૂર્ણ વીતરાગદશા હુઈ નહીં તબ તક છદ્મસ્થકો પ્રશસ્ત રાગ આતા હૈ, ભગવાનકી દિવ્યધ્વનિ સુનનેકા રાગ આતા હૈ ઐસા તૂ જાન.

ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાય તૂ સમજ તો તુજે તેરા સ્વરૂપ સમજમેં આયેગા. ઐસા નિમિત્ત–ઉપાદાનકા સંબંધ હૈ. અનાદિકાલસે જિસે સમ્યગ્દર્શન નહીં હુઆ ઉસ જીવકો ભગવાનસે દેશનાલબ્ધિ હોવે તો સમ્યગ્દર્શન પ્રગટ હોનેમેં ભગવાનકો નિમિત્ત કહનેમેં આતા હૈ. ઉપાદાન તો અપના, અપને પુરુષાર્થસે સમજ હોતી હૈ, વો કુછ સમજ કર નહીં દેતે, ફિર ભી વે નિમિત્ત બનતે હૈં. ભગવાનકી વાણી સુને તબ અપની આત્મા સમજમેં આતી હૈ ઔર ભગવાનકી આત્માકો સમજે તબ અપની આત્માકો સમજે, ઐસા નિમિત્ત-ઉપાદાનકા સંબંધ હૈ. રાગ દ્રવ્યદૃષ્ટિમેં નહીં હૈ. પર પર્યાયમેં રાગ હોતા હૈ, પ્રશસ્ત રાગ આતા હૈ. ઈસ લિયે દ્રવ્યદૃષ્ટિ ઔર પર્યાયકા જ્ઞાન સાથમેં રખકે વિચાર કરના ચાહિએ.

## * મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી *

આત્મા પોતે મહિમાવંત છે, તેની મહિમા કરજે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરજે, મહિમા વગર તારા વિચારો વિગેરે બધું લૂખું થઈ જશે. જો તને મહિમા નહિ આવે તો માત્ર તું જ્ઞાનની વાતો કર્યા કરીશ પણ અંદર લૂખાશ થઈ જશે. મહિમા સાથે હશે તો અંદર તને એમ થશે કે અહો! આત્મા આવો ચમત્કારી છે. અહો! આ આત્માની સાધના દેવ-ગુરુ કરી રહ્યા છે. એવું અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ, તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.

જ્ઞાન એકલું લૂખું ન હોવું જોઈએ, સાથે ભક્તિ-વિરક્તિ, તત્ત્વવિચાર બધું હોવું જોઈએ. તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી. અમુક જાતના પરિણામો આવે તોપણ મર્યાદાથી બહાર ન જાય. લૂખું હોય તો મર્યાદા બહાર પરિણામ જાય છે. આ

ચૈતન્ય આવો મહિમાવંત છે, વિભાવમાં રોકાવાં જેવું નથી તેમ ભાવના આવે છે. દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે, એમ મહિમા કરીને પણ પરિણતિને આત્મા તરફ વધારે વાળે છે—નહિતો લૂખું થઈ જાય અને મર્યાદા બહાર ચાલ્યો જાય.

## * બહારમાં ક્યાંય ચેન ન પડે *

બહારમાં ક્યાંય ચેન ન પડે, એકત્વબુદ્ધિ વખતે પણ ચેન ન પડે તો પોતાને શોધીને પોતાનો આશ્રય ગ્રહણ કરે. તે ન થાય ત્યાં સુધી શ્રુતનું ચિંતવન કરે, દેવ-શાસ્ત્ર-ગુરુમાં ચિત્ત લગાવે. તે વિચાર કરે કે હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, પણ તે ભાવનામાં એકસરખું રહી શકાતું નથી, કારણ કે તે ભાવના સહજ નથી. સહજ નથી એટલે વિચાર બીજે-બીજે જાય, શ્રુતના ને દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતવનમાં ઊભો રહે. હું જુદો છું, હું જુદો છું, એમ એકના એક વિકલ્પમાં, વિકલ્પવાળો ઉપયોગ છે એટલે ટકી શકતો નથી. તેથી ભાવના એમ રાખે કે હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, અને વારે-વારે અભ્યાસ પણ કર્યા કરે. ઉપયોગ એકમાં ટકી શકતો નથી તેમ જ એક ને એક વિકલ્પવાળું ચિંતવન લૂખું થઈ જાય છે, માટે શ્રુતના ચિંતવનના વિચારમાં રોકાય છે. છતાં કરવાનું તો એક જ છે–ભેદજ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે એમ એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે.

## * બાહરકી મહિમા હૈ, ઇસલિયે સ્વયંકી મહિમા નહીં આતી *

બાહરકી મહિમા હૈ, બાહરમેં રુક રહા હૈ ઈસલિયે સ્વયંકી મહિમા નહીં આતી. બાહરકે પદાર્થોમેં રુક જાતા હૈ, ઉનકી મહિમા લગતી હૈ, બાહર દેખનેમેં આશ્ચર્ય લગતા હૈ, યહ દેખૂં–યહ દેખૂં ઐસે સબ બાહર દેખનેમેં રુક જાતા હૈ ઔર ભીતરમેં ચૈતન્ય-ભગવાન આત્મા દેખનેમેં નહીં આતી હૈ ઈસલિયે વિશ્વાસ નહીં આતા ઈસ વજહસે મહિમા નહીં આતી. ઔર બાહરમેં વિશ્વાસ આતા હૈ, ઈસલિયે બાહરમેં સબ મહિમાવંત લગતા હૈ.

બાહરમેં કોઈ સામાન્ય બાત હો તો ભી કુતૂહલ કરકે દેખનેકો જાતા હૈ, લેકિન ભીતર આત્માકા આશ્ચર્ય કરકે–કુતૂહલ કરકે–દેખનેકો ભી નહીં જાતે. શાસ્ત્રમેં આતા હૈ કિ તૂ એકબાર કુતૂહલ કરકે દેખ તો સહી! કિ અંદર કૈસી આત્મા બિરાજમાન હૈ!

## * બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ *

બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે. બહારની રુચિ જેને લાગે તેને

આત્માની રુચિ લાગે નહિ. આત્માની રુચિ લાગે તેને બહારની રુચિ તૂટી જાય છે. બહારમાં રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી, તે આત્મા તરફ જઈ શકતો નથી. અનાદિકાળથી પોતે બહારમાં તન્મય થઈને રહ્યો છે માટે આત્માની લગની લાગી નથી. આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે. ઘણા કહે છે ને? કે ક્યાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર. ત્યાં ગમે તેવું છે, તે તારું રહેવાનું સ્થાન છે, સુખનું ધામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાનો પુરુષાર્થ કર, તો તેમાંથી સુખ પ્રગટ થશે. બહાર ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે. બહાર રુચે તેને માટે બહારનો સંસાર ઊભો જ છે.

## * પોતાની ઘણી તૈયારી હોય ત્યારે વિકલ્પ ટળે છે *

પોતાની ઘણી તૈયારી હોય ત્યારે વિકલ્પ ટળે છે. અનાદિકાળથી એકત્વબુદ્ધિનો અભ્યાસ છે, શરીર તરફ એકત્વબુદ્ધિ છે. ક્ષણે ક્ષણે શરીર તે હું ને હું તે શરીર, વિભાવ તે હું ને હું તે વિભાવ એવી એકત્વબુદ્ધિ છે. તે એકત્વબુદ્ધિ તૂટે અને સ્વભાવની મહિમા આવે, હું તો એક જ્ઞાયક છું એમ સ્વભાવની લગની લાગે, અંદરથી તાલાવેલી જાગે તો વિભાવનો રસ નીતરી જાય-ઊતરી જાય. જોકે પછી અમુક વિભાવ ઊભો રહે છે, પણ તેનો બધોય રસ ઊતરી જાય છે, અને પોતાના સ્વભાવની મહિમા-પ્રેમ વિના ક્યાંય રુચે નહિ, એટલી તૈયારી થાય ત્યારે જ્ઞાયકની દૃષ્ટિ કરે. જ્ઞાયકની દૃષ્ટિ ક્યારે થાય? સ્વભાવની મહિમા આવ્યા વિના અને વિભાવનો રસ ઊતર્યા વગર જ્ઞાયકની દૃષ્ટિ થતી નથી. બહારમાં સ્વભાવની મહિમા આવે તો વિભાવનો રસ નીતરી જાય. સ્વભાવની લગની લાગે તો વિભાવનો રસ ઊતરે અને વિભાવનો રસ ઊતરે તો સ્વભાવની દૃષ્ટિ થાય અને વિકલ્પ છૂટે.

## * આત્માકી અદ્‌ભુતતા લગની ચાહિયે *

મહિમા અર્થાત્ આત્માકી અદ્‌ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે કિ યહ કોઈ અદ્‌ભુત તત્ત્વ હૈ. મેરી આત્મા કોઈ સામાન્ય નહીં હૈ, સિદ્ધભગવાન જૈસી હૈ. ઔર સબ લોક ઊપર તીરતા હૈ ઐસા મૈં અદ્‌ભુત હૂં. જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે. ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ કિ ભગવાન વીતરાગ સ્વરૂપ હૈ ઉસકો મંદિરમેં ભગવાનકા દર્શન કરતે સમય ભગવાનકી પ્રતિમાકો દેખકર આશ્ચર્ય લગતા હૈ કિ કૈસા ભગવાન! ઠીક વૈસે હી ચૈતન્યભગવાનકા આશ્ચર્ય લગના ચાહિયે કિ વીતરાગ આત્મા ઐસી હી હૈ ફિર વહ છૂટે નહિ. આત્માકી મહિમા લગે તો ઉસકો દેખનેકે લિયે

ઉપયોગ બાર બાર વહાં હી જાય, લેકિન મહિમા ન લગે તો મૈં જ્ઞાનસ્વરૂપ હૂં ઐસા છૂટ જાતા હૈ.

ભગવાનકી મહિમા લગે તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસા વીતરાગ હૈ! ઐસે આત્મભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસા હોગા!! ઐસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે વૈસે આત્મભગવાનકી મહિમા આની ચાહિયે. ઔર ચિત્ત વહાં હી લગે તો દૂસરી કહીં ભી જગહ લગે નહીં.

## * જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો *

જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તેનું ચિંતવન, તેની મહિમા, તેની લગની, સત્સંગ, શ્રવણ-મનન આદિ વારંવાર કરવાં. છાશને વલોવતાં-વલોવતાં માખણ બહાર આવે છે તેમ વારંવાર જ્ઞાયકનું મંથન કર્યા કરવું. ગુરુદેવે બતાવ્યું છે તે પ્રમાણે પુરુષાર્થ વારંવાર કરવો. હું ચૈતન્ય જુદો છું, આ વિભાવ જુદાં છે એમ ભેદજ્ઞાન માટે તૈયારી પોતાને કરવાની છે. બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે, તેમનો સત્સંગ થાય, શ્રવણ-મનન થાય તે બધું વારંવાર કર્યા કરવું. વારંવાર તેના (જ્ઞાયકના) સંસ્કાર દૃઢ કરવા. રુચિ વારંવાર તીવ્ર થાય તેમ કર્યા કરવું.

## * સાચી મુમુક્ષુતા *

"માત્ર મોક્ષ અભિલાષ"–એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે—એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ-વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે–આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે.

## * તારી મતિ-કલ્પનાથી તું માર્ગમાં ચાલતો નહિ *

દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તેનો અર્થ એમ છે કે જે પોતે આગળ વધવા માંગે છે તેણે દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે, તેમણે શું માર્ગ બતાવ્યો છે, તે હૃદયમાં રાખીને–તેનો આશય ગ્રહણ કરીને–મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખવાં પણ તેથી શુભભાવમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. પોતે દ્રવ્યદૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં લીન થતો હોય ત્યારે શુભ વિકલ્પમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ જ બતાવી રહ્યાં છે કે શુભ વિકલ્પ છે તે વિભાવ છે અને તું બધાથી નિરાળું નિર્વિકલ્પ તત્ત્વ છે. તું અમારા ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી દે, રાગનો ભાવ છોડી દે ને વીતરાગ થઈ જા, તેમ દેવ-શાસ્ત્ર-ગુરુ પોતે બતાવી રહ્યા છે. પ્રયોજન તો વીતરાગતા કરવાનું છે પણ સાધક છે એટલે પહેલાંથી વીતરાગતા પૂર્ણ થઈ જતી નથી ને તેનો ઉપયોગ બહાર આવે છે. ભેદજ્ઞાનની ધારા ચાલતી હોય ત્યારે પણ શુભના અનેક જાતના વિકલ્પો હોય છે. માટે શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુને તારે સાથે રાખવા. તું તારી મેળાએ–તારી મતિ-કલ્પનાથી માર્ગને શોધીશ નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે તેનો આશય સમજીને તું તે માર્ગે ચાલજે, મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તે આશય સમજીને પછી સ્વભાવ સાથે મેળવી, તારા પોતાથી નિર્ણય કરી–નક્કી કરી મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. તારી મતિ-કલ્પનાથી તું માર્ગમાં ચાલતો નહિ એવો અર્થ છે.

## * જ્ઞાન તે જ હું છું *

આત્માનો જ્ઞાનસ્વભાવ કેવી રીતે ગ્રહણ થાય? રાગથી કેમ છૂટો પડું? ભેદજ્ઞાન કેમ થાય? પ્રજ્ઞાછીણીથી સૂક્ષ્મ થઈને અંદરમાં જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલો ટાઈમ થયો તો કેમ થતું નથી? એવી બધી અંદરમાં આકુળતા થાય છતાં તેમાં શાંતિ રાખે કે મારી ભાવના છે તો થવાનું જ છે. પ્રયત્ન ચાલુ જ રાખે ને ધીરજથી માર્ગને ઓળખવાનો પ્રયત્ન કરે. આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? જ્ઞાન તે જ હું છું, આ બધો રાગ છે તે મારો સ્વભાવ નથી. તે વેદન જુદી જાતનું છે અને જ્ઞાનનો જે જાણવાનો સ્વભાવ છે તે જાત જુદી છે. એમ લક્ષણથી રાગને ભિન્ન ઓળખ્યા કરે અને જ્ઞાનને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે અને દર્શનમોહ ચાલ્યો જાય છે. પરંતુ તેને ધીરજ હોવી જોઈએ. જો આકુળતા-ઉતાવળ કરે તો કાર્ય ન થાય. ગમે તેટલો ટાઈમ જાય તો પણ વારંવાર પ્રયત્ન કર્યા જ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે. પહેલાં આકુળતા તો થાય પણ શાંતિ રાખવી જોઈએ.

## * લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે *

પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે. શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી—લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે; લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે.

## * તત્ત્વના ઊંડા વિચારો કરવા *

સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો. બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે. તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો. તે માટે પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો તેને ઓળખી શકે છે. બહાર જતો સ્થૂલ ઉપયોગ હોય તો ઓળખી ન શકે. માટે તત્ત્વના વિચારો કરવા, મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન-વિચારો કરવા અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.

## આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય

સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે. આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં—આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ કયા તત્ત્વમાં છે?– એમ આનંદની એકદમ શોધ કરે; વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો

છે? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે?– એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે તો સ્વભાવને ઓળખે. બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.–આમ આત્માને સ્વભાવથી ઓળખવો.

દેવ-ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે કે અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે. આ વાતનો પોતે વિચાર કરી પોતાના સ્વભાવ સાથે મેળવે અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું છે.

ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું. પોતે વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા ને યુક્તિથી અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે. જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય, વળી જે આનંદને ઇચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ તથા આનંદ કોઈ બીજાના આશ્રયે ન થાય–સ્વયંથી થાય. આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે, મહિમા લાવે ને તે બાજુનો પુરુષાર્થ કરે તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે.

## * મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ *

મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે. મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો– મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી. જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ—અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ. જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે.

## * ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી *

બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય? કેમ ઓળખાય?– એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે–સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન–વૈરાગ્ય–ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે–એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.

ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે.

## * પુરુષાર્થની મંદતામાંથી તીવ્રતા કરવા માટે શું કરવું ? *

પુરુષાર્થની તીવ્રતા પોતાને જ કરવાની છે. પોતાની જરૂરિયાત પોતાને જ જણાય કે મારે મારા સ્વભાવની જ જરૂરિયાત છે, આ બીજી કોઈ જરૂરિયાત મને નથી. આ બધું જરૂરિયાત વગરનું છે. મારે સ્વભાવ જોઈએ છે, તેમાં બધું ભર્યું છે. આ રીતે જો તેની જરૂરિયાત જણાય તો તેને પુરુષાર્થની તીવ્રતા થાય. આ મનુષ્યભવમાં ગુરુદેવ મળ્યા. માટે મારે પલટો કર્યે જ છૂટકો છે તેમ પોતાની જરૂરિયાત જણાય તો તેની રુચિની તીવ્રતા થાય. જિજ્ઞાસુને ભલે હજી એકત્વબુદ્ધિ તૂટતી નથી, પણ વારંવાર તોડવાનો અભ્યાસ કરે તો પોતે જાગ્યા વગર રહેતો જ નથી. બાળક હોય તે ચાલવા શીખે ત્યારે આમ કરે ને તેમ કરે એમ વારંવાર અભ્યાસ કરે, તેમ પોતે પોતા તરફ જવા માટે વારંવાર અભ્યાસ કરે કે આ કાંઈ જોઈતું નથી. ગુરુદેવે કહ્યું છે કે તું ચૈતન્ય છો અને ચૈતન્યને ઓળખ, તેમાં લીન થા. તે કરવા જેવું છે. જો તેની જરૂરિયાત જણાય તો વારંવાર અભ્યાસ કર્યા જ કરે. યથાર્થ અભ્યાસ કરે તો તેનું ફળ આવ્યા વગર રહેતું જ નથી.

# જૈનદર્શનનું રહસ્ય : ક્રમબદ્ધપર્યાય

## ક્રમબદ્ધપર્યાય : કાનજીસ્વામી

એક તરફ એકલો જ્ઞાયકસ્વભાવ ને બીજી તરફ ક્રમબદ્ધપર્યાય—એનો યથાર્થ નિર્ણય કરવામાં બધું આવી જાય છે. તે મૂળ વસ્તુધર્મ છે. તે કેવળી ભગવાનનું પેટ છે, સંતોનું હાર્દ છે, શાસ્ત્રોનો મર્મ છે, વિશ્વનું દર્શન છે અને મોક્ષમાર્ગનું કર્તવ્ય કેમ થાય તેની આ રીત છે.

અજ્ઞાની કહે છે કે આ 'રોગચાળો' છે, ત્યારે અહીં કહે છે કે આ તો સર્વજ્ઞના હૃદયનું હાર્દ છે. જેને આ વાત બેઠી તેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા. તે અલ્પજ્ઞ હોવા છતાં 'હું સર્વજ્ઞ જેવો જ્ઞાતા જ છું,' એવો તેને નિર્ણય થયો.

### (૧૨૨) તદ્રૂપ અને કદ્રૂપ (જ્ઞાનીને દિવાળી, અજ્ઞાનીને હોળી.)

ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતું દ્રવ્ય પોતાના પરિણામ સાથે 'તદ્રૂપ' છે એમ ન માનતાં બીજો કર્તા માને તો તેણે દ્રવ્ય સાથે પર્યાયને તદ્રૂપ ન માની, પણ પર સાથે તદ્રૂપ માની. તેથી તેની માન્યતા 'કદ્રૂપ' થઈ—મિથ્યા થઈ. પર્યાયને અંતરમાં વાળીને જ્ઞાયકભાવ સાથે તદ્રૂપ કરવી જોઈએ, તેને બદલે પર સાથે તદ્રૂપ માનીને કદ્રૂપ કરી તેણે દિવાળીને બદલે હોળી કરી. જેમ હોળીને બદલે દિવાળીના તહેવારમાં મોઢા ઉપર મસ ચોપડીને મેલું કરે તો તે મૂરખ કહેવાય. તેમ 'દિ....વાળી' એટલે પોતાની નિર્મળ સ્વપર્યાય, તેમાં પોતે તદ્રૂપ થવું જોઈએ તેને બદલે અજ્ઞાની પર સાથે પોતાને તદ્રૂપતા માનીને પોતાની પર્યાયને મલિન કરે છે, એટલે તે દિ.....વાળીને બદલે પોતાના ગુણની હોળી કરે છે. ભાઈ, 'દિ' એટલે સ્વકાળની પર્યાય તેને 'વાળ' તારા આત્મામાં, તો તારા ઘરે દિવાળીના દીવા પ્રગટે એટલે કે સમ્યગ્જ્ઞાનના દીવડા પ્રગટે ને મિથ્યાત્વની હોળી મટે. સ્વકાળની પર્યાયને અંતરમાં ન વાળતાં પર સાથે એકપણું માનીને તે ઊંધી માન્યતામાં અજ્ઞાની પોતાના ગુણને હોમી દે છે, એટલે તેને પોતાના ગુણની હોળી થાય છે—ગુણની નિર્મળદશા પ્રગટવાને બદલે મલિનદશા પ્રગટે છે; તેમાં આત્માની શોભા નથી.

સ્વભાવસન્મુખ થઈને ક્રમબદ્ધ આવેલા નિર્મળ સ્વકાળ સાથે તદ્રૂપતા ધારણ કરે તેમાં જ આત્માની શોભા ને પ્રભુતા છે. પોતપોતાની પર્યાય સાથે તદ્રૂપતા ધારણ કરે તેમાં જ દરેક દ્રવ્યની પ્રભુતા છે. જો તેની પર્યાયમાં બીજો તદ્રૂપ થઈને તેને કરે તો તેમાં દ્રવ્યની પ્રભુતા રહેતી નથી અથવા આત્મા પોતે પર સાથે તદ્રૂપતા માનીને તેનો કર્તા થવા જાય તો તેમાં પણ પોતાની કે પરની પ્રભુતા રહેતી નથી. પરનો કર્તા થવા જાય તે પોતાની પ્રભુતાને ભૂલે છે. ક્રમબદ્ધપર્યાયનું જ્ઞાતાપણું ન માનતાં તેમાં આડુંઅવળું કરવાનું માને તો તે જીવ પોતાના જ્ઞાતાભાવ સાથે તદ્રૂપ ન રહેતાં મિથ્યાદૃષ્ટિ કદ્રૂપ થઈ જાય છે.

## (૧૨૩) આ છે જૈનશાસનનો સાર!

અહો, દરેક દ્રવ્ય પોતે જ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતું થકું તે તે પરિણામમાં તદ્રૂપ થઈને તેને કરે છે, પણ બીજાને કરતું નથી આ એક સિદ્ધાંતમાં છએ દ્રવ્યોના ત્રણે કાળના પરિણમનના ઉકેલની ચાવી આવી જાય છે. **હું જ્ઞાયક ને પદાર્થોમાં સ્વતંત્ર ક્રમબદ્ધ પરિણમન.** બસ! આમાં બધો સાર આવી ગયો. પોતાના જ્ઞાયકસ્વભાવનો ને પદાર્થોના ક્રમબદ્ધપરિણામની સ્વતંત્રતાનો નિર્ણય કરીને પોતે પોતાના જ્ઞાયકસ્વભાવમાં અભેદ થઈને પરિણમ્યો ત્યાં પોતે જ્ઞાયક જ રહ્યો ને પરનો અકર્તા થયો. તેનું જ્ઞાન રાગાદિથી છૂટું પડીને 'સર્વવિશુદ્ધ' થયું. આનું નામ જૈનશાસન ને આનું નામ ધર્મ.

'યોગ્યતા'ને જ કાર્યની સાક્ષાત્‌સાધક કહીને ઇષ્ટોપદેશમાં સ્વતંત્રતાનો અલૌકિક ઉપદેશ કર્યો છે. 'ઇષ્ટોપદેશ'ને 'જૈનનું ઉપનિષદ' પણ કહે છે. ખરેખર, વસ્તુની સ્વતંત્રતા બતાવીને આત્માને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ લઈ જાય તે જ ઇષ્ટ ઉપદેશ છે અને તે જ જૈનધર્મનો મર્મ છે તેથી જૈનનું ઉપનિષદ છે.

## (૧૨૪) 'વિરલા બૂઝે કોઇ!'

આ વાત સમજ્યા વગર ઉપાદાન-નિમિત્તનું પણ યથાર્થ જ્ઞાન ન થાય. ઉપાદાન અને નિમિત્ત બંને ચીજો છે ખરી. તેનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રોમાં તેનું વર્ણન કર્યું ત્યાં અજ્ઞાની પોતાની ઊંધી દૃષ્ટિથી ઉપાદાન-નિમિત્તના નામે ઊલટો સ્વ-પરની એકતાબુદ્ધિ પોષે છે. "જુઓ, શાસ્ત્રમાં નિમિત્ત તો કહ્યું છે ને? બે કારણ તો કહ્યા છે ને?" એમ કહીને ઊલટો સ્વ-પરની એકતાબુદ્ધિ ઘૂંટે છે. પં. બનારસીદાસજી કહે છે કે–

उपादान निज गुण जहां, तहं निमित्त पर होय।
भेदज्ञान परमाण विधि, विरला बूझै कोय।।४।।

અર્થાત્ જ્યાં ઉપાદાનની પોતાની નિજશક્તિથી કાર્ય થાય છે ત્યાં બીજી ચીજ નિમિત્ત હોય છે. આમ ઉપાદાન અને નિમિત્ત બંને ચીજ તો છે, પણ ત્યાં ઉપાદાનની પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે ને નિમિત્ત તો તેમાં અભાવરૂપ અકિંચિત્કર છે એવી ભેદજ્ઞાનની યથાર્થ વિધિ કોઈ વિરલા જ જાણે છે, એટલે કે સમકિતી જ જાણે છે.

**(૧૨૫) અહીં સિદ્ધ કરવું છે આત્માનું અકર્તાપણું.**

અત્યાર સુધીમાં આચાર્યદેવે એ વાત સિદ્ધ કરી કે "પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી; કારણ કે જેમ સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે."

હવે આ સિદ્ધાંત ઉપરથી જીવનું અકર્તાપણું સિદ્ધ કરવા માટે આચાર્યદેવ કહે છે કે "આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી....." કર્તા થઈને પોતાના જ્ઞાયકપરિણામપણે ઊપજતો જીવ કર્મના બંધનનું પણ કારણ થાય એમ બનતું નથી. એ રીતે તેનું અકર્તાપણું છે.

**(૧૨૬) 'એકનો કર્તા તે 'બે'નો કર્તા નથી. (જ્ઞાયકના અકર્તાપણાની સિદ્ધિ.)**

પ્રશ્નઃ- જો જીવ પોતાના પરિણામથી ઊપજે છે ને તેમાં તદ્રૂપ થઈને તેને કરે છે તો એક ભેગું બીજાનું પણ કરે તેમાં શો વાંધો? 'એકનો ગોવાળ તે બેનો ગોવાળ.' એટલે જે ગોવાળ એક ગાય ચરાવવા લઈ જાય તે ભેગો બે ગાય લઈ જાય તો તેમાં તેને શું મહેનત? અથવા 'એકનું રાંધવું, ભેગું બેનું રાંધવું.' તેમ કર્તા થઈને એક પોતાનું કરે તે ભેગું બીજાનું પણ કરે તો શું વાંધો? જીવ પોતે જ્ઞાયકપણે ઊપજે પણ ખરો ને કર્મને બાંધે પણ ખરો એમાં શું વાંધો?

ઉત્તરઃ- દરેક દ્રવ્ય પોતાની પર્યાય સાથે તદ્રૂપ છે તેથી તેને તો કરે, પણ પર સાથે તદ્રૂપ

નથી તેથી તેનો તે કર્તા નથી. પર સાથે તદ્રૂપ થાય તો જ પરને કરે, પરંતુ એમ તો કદી બની શકતું નથી. એટલે 'ગાયના ગોવાળ' વગેરે લૌકિક કહેવત અહીં લાગુ ન પડે. સ્વભાવ સન્મુખ થઈને પોતાના જ્ઞાયકભાવપણે જે જીવ પરિણમ્યો તે જીવ પોતાના તે જ્ઞાયકભાવ સાથે તદ્રૂપ છે તેથી તેનો તો તે કર્તા છે, પરંતુ રાગાદિભાવો સાથે તે તદ્રૂપ નથી તેથી તે ખરેખર રાગનો પણ કર્તા નથી એટલે કર્મના કર્તાપણાનો વ્યવહાર પણ તેને લાગુ પડતો નથી. આથી આચાર્યદેવ કહે છે કે 'જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.'

કયો જીવ? ....કે જ્ઞાની.

કેવા પરિણામ? ....કે જ્ઞાતા-દૃષ્ટાના નિર્મળ પરિણામ. જ્ઞાની પોતાના જ્ઞાતા-દૃષ્ટાના નિર્મળ પરિણામપણે ઊપજે છે, પણ અજીવ કર્મોના બંધનું કારણ થતો નથી, કેમ કે તેને પોતાના જ્ઞાયકભાવ સાથે જ એકતા છે, રાગાદિ સાથે કે કર્મ સાથે એકતા નથી. માટે તે રાગાદિનો ને કર્મનો અકર્તા જ છે. જીવ પોતાના જ્ઞાયક પરિણામનો કર્તા થાય ને સાથે સાથે અજીવમાં નવા કર્મો બંધાવામાં પણ નિમિત્ત થાય એમ બનતું નથી. નવાં કર્મોમાં મુખ્યપણે અહીં મિથ્યાત્વ આદિ એકતાલિસ પ્રકૃતિની વાત લેવી છે. તેનું બંધન જ્ઞાનીને થતું જ નથી. જ્ઞાનીને પોતાના નિર્મળ જ્ઞાનપરિણામ સાથે કાર્યકારણપણું છે, પરંતુ અજીવ સાથે કે રાગાદિ સાથે તેને કાર્યકારણપણું નથી, તેથી તે અકર્તા જ છે.

## (૧૨૭) વ્યવહાર કયો? અને કોને?

પ્રશ્નઃ- આ તો નિશ્ચયની વાત થઈ, હવે વ્યવહાર સમજાવો.

ઉત્તરઃ- આ નિશ્ચયસ્વરૂપ સમજે તેને વ્યવહારની ખબર પડે. જ્ઞાતા જાગ્યો અને સ્વ-પરપ્રકાશક શક્તિ ખીલી ત્યારે નિમિત્ત અને વ્યવહાર કેવા હોય તેને તે જાણે છે. પોતે રાગથી અધિક થઈને જ્ઞાયકપણે પરિણમતો, અસ્થિરતાનો જે રાગ છે તેને પણ જાણે છે તે જ્ઞાનીનો વ્યવહાર છે. પણ જ્યાં નિશ્ચયનું ભાન નથી, જાણનાર જાગ્યો નથી, ત્યાં વ્યવહારને જાણશે કોણ? તે અજ્ઞાની તો રાગને જાણતાં તેમાં જ એકતા માની લ્યે છે, એટલે તેને તો રાગ તે જ નિશ્ચય થઈ ગયો, રાગથી જુદો કોઈ રાગને જાણનાર ન રહ્યો. અહીં તો જ્ઞાતા જાગીને જ્ઞાનની અધિકતારૂપે પરિણમતો બાકીના અલ્પ રાગને પણ જાણે તે વ્યવહાર છે. પરમાર્થ જ્ઞેય તો પોતાનો જ્ઞાયક આત્મા જ છે ને રાગ તે જ્ઞાનીનું વ્યવહાર જ્ઞેય છે. પણ જેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ નથી ને 'કર્મનો વ્યવહાર કર્તા તો છું ને!' એવી

દૃષ્ટિ છે તેને માટે આચાર્યદેવ હવે પછીની ગાથામાં કહેશે કે કર્મ સાથે કર્તાપણાનો વ્યવહાર અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિને જ લાગુ પડે છે.

## (૧૨૮) જ્ઞાયક વસ્તુસ્વરૂપ અને અકર્તાપણું.

આ 'સર્વવિશુદ્ધ જ્ઞાનઅધિકાર'ને 'શુદ્ધાત્મદ્રવ્ય અધિકાર' પણ કહેવાય છે. જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્મદ્રવ્યનું સ્વરૂપ શું છે તે આચાર્યદેવ ઓળખાવે છે. આત્માનો સ્વભાવ તો જ્ઞાયક છે, જાણનાર છે. તે જ્ઞાયકસ્વભાવ નથી તો પરનો કર્તા કે નથી રાગનો કર્તા. કર્તા થઈને પરની અવસ્થા ઉપજાવે એવું તો જ્ઞાયકનું સ્વરૂપ નથી તેમ જ રાગમાં કર્તાબુદ્ધિ પણ તેનો સ્વભાવ નથી, રાગ પણ તેના જ્ઞેયપણે જ છે. રાગમાં તન્મય થઈને નહિ, પણ રાગથી અધિક રહીને—ભિન્ન રહીને—જ્ઞાયક તેને જાણે છે. આવું જ્ઞાયક વસ્તુસ્વરૂપ સમજે તો જાણપણાના ને કર્તાપણાના બધા ગર્વ ઊડી જાય.

અહીં જીવને સમજાવવું છે કે તું જ્ઞાયક છો, પરનો અકર્તા છો. જ્ઞાયક જ્ઞાતા-દૃષ્ટા પરિણામ સિવાય બીજું શું કરે? આવા પોતાના જ્ઞાયકસ્વભાવને જાણીને સ્વસન્મુખ નિર્મળ જ્ઞાનપરિણામે જે પરિણમ્યો તે જ્ઞાની એમ જાણે છે કે સમયે સમયે મારા જ્ઞાનના જે નિર્મળ ક્રમબદ્ધપરિણામ થાય છે તેમાં જ હું તન્મય છું, રાગમાં કે પરમાં હું તન્મય નથી, માટે તેનો હું અકર્તા છું.

અજીવ પણ પોતાના ક્રમબદ્ધ થતા જડ પરિણામ સાથે તન્મય છે ને બીજા સાથે તન્મય નથી, તેથી તે અજીવ પણ પરનું અકર્તા છે, પરંતુ અહીં તેની મુખ્યતા નથી. અહીં તો જીવનું અકર્તાપણું સિદ્ધ કરવું છે, જીવને આ વાત સમજાવવી છે.

## (૧૨૯) દૃષ્ટિ પલટાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરે તે જ આ ઉપદેશનું રહસ્ય સમજ્યો છે.

આત્માના જ્ઞાયકભાવની આ વાત છે. આ સમજે તો અપૂર્વ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય તેમ જ તેની સાથે અતીન્દ્રિય આનંદના અંશનું વેદન થાય. દૃષ્ટિ પલટાવે ત્યારે જીવને આ વાત સમજાય તેવી છે. આ વસ્તુ માત્ર વાત કરવા માટે નથી, પણ સમજીને અંતરમાં દૃષ્ટિ પલટાવવા માટે આ ઉપદેશ છે. ક્રમબદ્ધપર્યાય તો અજીવમાં પણ થાય છે, પણ તેને કાંઈ એમ નથી સમજાવવું કે તું અકર્તા છો માટે દૃષ્ટિ પલટાવ! અહીં તો જીવને સમજાવવું છે. અજ્ઞાની જીવ પોતાના જ્ઞાયકસ્વભાવને ભૂલીને 'હું પરનો કર્તા' એમ માની રહ્યો છે તેને અહીં સમજાવે છે કે ભાઈ! તું તો જ્ઞાયક છો.

જીવ ને અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયમાં પરિણમી રહ્યા છે, તું તેનો જ્ઞાયક છો, પણ કોઈ પરનો કર્તા તું નથી. 'હું જ્ઞાયકભાવ, પરનો અકર્તા, મારી જ્ઞાનપર્યાયમાં ક્રમબદ્ધ પરિણમું છું' એમ સમજીને સ્વદ્રવ્યની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. **દૃષ્ટિની દિશા સ્વ તરફ વાળે ત્યારે જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય** છે ને તેને પોતામાં નિર્મળ પર્યાયનો ક્રમ શરૂ થઈ જાય છે. 'મારી બધી પર્યાયો ક્રમબદ્ધ-ક્રમસર થાય છે' એમ નિર્ણય કરવા જતાં તે પર્યાયોપણે પરિણમનારા એવા જ્ઞાયકદ્રવ્ય તરફ દૃષ્ટિ જાય છે. મારું ક્રમબદ્ધપરિણમન મારામાં ને પરનું ક્રમબદ્ધપરિણમન પરમાં. પરના ક્રમમાં હું નહિ ને મારા ક્રમમાં પર નહિ. આવું યથાર્થ ભેદજ્ઞાન કરતાં 'હું પરનું કાંઈ કરું' એવી દૃષ્ટિ છૂટી જાય છે ને જ્ઞાયકસ્વભાવ સન્મુખ દૃષ્ટિ થાય છે. તે સ્વસન્મુખદૃષ્ટિનું પરિણમન થતાં જ્ઞાન, આનંદ, વીર્ય વગેરે બધા ગુણોમાં પણ સ્વાશ્રયે અંશે નિર્મળ પરિણમન થયું.

## (૧૩૦) જૈનધર્મની મૂળ વાત.

પંડિત કે ત્યાગી નામ ધરાવનારા કેટલાકને તો હજી 'સર્વજ્ઞ'ની તેમ જ 'ક્રમબદ્ધપર્યાય'ની પણ શ્રદ્ધા નથી. પરંતુ આ તો જૈનધર્મની મૂળ વાત છે, આનો નિર્ણય કર્યા વગર સાચું જૈનપણું હોય જ નહિ. જો કેવળજ્ઞાન ત્રણકાળની સમસ્ત પર્યાયોને ન જાણે તો તે કેવળજ્ઞાન શેનું? અને જો પદાર્થોની ત્રણેકાળની બધી પર્યાયો વ્યવસ્થિત-ક્રમબદ્ધ જ ન હોય તો કેવળીભગવાને જોયું શું?

## (૧૩૧) 'સર્વ ભાવાંતરચ્છિદે'

સમયસારનું માંગલિક કરતાં પહેલાં જ કલશમાં આચાર્યદેવે કહ્યું કે–

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે।
चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे।।१।।

'સમયસાર'ને એટલે કે શુદ્ધ આત્માને નમસ્કાર કરતાં આચાર્યદેવ કહે છે કે હું સાધક છું તેથી મારું પરિણમન અંતરમાં નમે છે, હું શુદ્ધાત્મામાં પરિણમું છું. કેવો છે શુદ્ધાત્મા? પ્રથમ તો, સ્વાનુભૂતિથી પ્રકાશમાન છે એટલે કે સ્વસન્મુખ જ્ઞાનક્રિયા વડે જ તે પ્રકાશમાન છે, રાગ વડે કે વ્યવહારના અવલંબન વડે તે પ્રકાશતો નથી. વળી કહ્યું કે તે જ્ઞાનસ્વભાવરૂપ વસ્તુ છે ને પોતાથી અન્ય સમસ્ત ભાવોને પણ જાણનાર છે. આ

રીતે, જીવનો જ્ઞાનસ્વભાવ છે ને તે ત્રણેકાળની ક્રમબદ્ધપર્યાયોને જાણે છે એ વાત પણ તેમાં આવી ગઈ.

## (૧૩૨) જ્ઞાનમાં પરને જાણવાની શક્તિ છે તે કાંઈ અભૂતાર્થ નથી.

પ્રશ્નઃ- જીવનો જ્ઞાનસ્વભાવ છે ને કેવળજ્ઞાન થતાં તે બધા પદાર્થોની ત્રણેકાળની ક્રમબદ્ધ પર્યાયોને જાણે છે એમ આપ કહો છો, પણ નિયમસારની ગાથા ૧૫૯ તથા ૧૬૬ માં કહ્યું છે કે કેવળી ભગવાન નિશ્ચયથી સ્વને જાણે-દેખે છે અને લોકાલોકને તો વ્યવહારથી જાણે-દેખે છે; તથા સમયસારની ગાથા ૧૧ માં વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે. માટે 'સર્વજ્ઞ ભગવાને ત્રણકાળની બધી પર્યાયો જાણી છે ને તે પ્રમાણે જ પદાર્થોમાં ક્રમબદ્ધ પરિણમન થાય છે' એ વાત બરાબર નથી. (-આવો પ્રશ્ન છે.)

ઉત્તરઃ- ભાઈ, તને સર્વજ્ઞની પણ શ્રદ્ધા ન રહી? શાસ્ત્રોની ઓથે તું તારી ઊંધી દૃષ્ટિને પોષવા માંગે છે, પણ તને સર્વજ્ઞની શ્રદ્ધા વગર શાસ્ત્રના એક અક્ષરનો પણ સવળો અર્થ નહિ સમજાય. જ્ઞાન પરને વ્યવહારે જાણે છે એમ કહ્યું ત્યાં જ્ઞાનમાં જાણવાની શક્તિ કાંઈ વ્યવહારથી નથી, જાણવાની શક્તિ તો નિશ્ચયથી છે; પણ પર સાથે એકમેક થઈને અથવા તો પરની સન્મુખ થઈને કેવળજ્ઞાન તેને નથી જાણતું તેથી વ્યવહાર કહ્યો છે. સ્વને જાણતાં પોતામાં એકમેક થઈને જાણે છે તેથી સ્વપ્રકાશકપણાને નિશ્ચય કહ્યો ને પરમાં એકમેક નથી થતું માટે પરપ્રકાશને વ્યવહાર કહ્યો છે. પણ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે તે તો નિશ્ચયથી જ છે, તે કાંઈ વ્યવહાર નથી. 'सर्व भावांतरच्छिदे' એમ કહ્યું તેમાં શું બાકી રહી ગયું? તે કાંઈ વ્યવહારથી નથી કહ્યું. વળી ૧૬૦મી ગાથામાં 'सो सव्वणाणदरिसी....' અર્થાત્ આત્મા પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળો છે' એમ કહ્યું તે કાંઈ વ્યવહારથી નથી કહ્યું, પરંતુ નિશ્ચયથી એમ જ છે. જ્ઞાનમાં સ્વ-પરને જાણવાની શક્તિ છે તે કાંઈ વ્યવહાર કે અભૂતાર્થ નથી. અરે! સ્વછંદે કહેલી પોતાની વાતને સિદ્ધ કરવા જ્ઞાનસ્વભાવના સામર્થ્યને પણ અભૂતાર્થ કહીને ઊડાડે અને વળી કુંદકુંદભગવાન જેવા આચાર્યોના નામે તે વાત કરે એ તો મૂઢ જીવોનો મોટો ગજબ છે! અને તેઓની એવી વાતને જે સ્વીકારે છે તેને પણ ખરેખર સર્વજ્ઞદેવની શ્રદ્ધા નથી.

## (૧૩૩) સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય કરે તેને પુરુષાર્થની શંકા રહેતી નથી.

હવે ઘણા જીવો ઓઘે ઓઘે (-નિર્ણય વગર) સર્વજ્ઞને માનતા હોય તેને એમ પ્રશ્ન થાય છે કેઃ- જો સર્વજ્ઞ ભગવાને જોયું તે પ્રમાણે જ ક્રમબદ્ધપર્યાય થાય ને તે ક્રમમાં

ફેરફાર ન થાય તો પછી જીવને પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું ? તો તેને કહે છે કે હે ભાઈ ! તેં તારા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો છે? સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે? તું તારા જ્ઞાનસ્વભાવનો ને સર્વજ્ઞનો નિર્ણય કર તો તને ખબર પડશે કે ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ કઈ રીતે આવે છે. પુરુષાર્થનું યથાર્થ સ્વરૂપ જ હજી લોકોના સમજવામાં નથી આવ્યું. અનાદિથી પરમાં ને રાગમાં જ હુંપણું માનીને મિથ્યાત્વના અનંત દુઃખનો અનુભવ કરી રહ્યો છે તેને બદલે જ્ઞાયકસ્વભાવનો નિર્ણય થતાં તે ઊંધી માન્યતા છૂટીને જ્ઞાયકભાવ તરફ દૃષ્ટિ વળી ત્યાં અપૂર્વ અતીન્દ્રિય આનંદના અંશનો અનુભવ થાય છે એમાં જ અપૂર્વ પુરુષાર્થ આવી જાય છે. જ્ઞાયકસ્વભાવને દૃષ્ટિમાં લઈને તેનો અનુભવ કરતાં પુરુષાર્થ, જ્ઞાન, શ્રદ્ધા, આનંદ, ચારિત્ર એ બધા ગુણોનું પરિણમન સ્વ તરફ વળ્યું છે. સ્વસન્મુખ થઈને જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો તેમાં કેવળજ્ઞાનનો નિર્ણય, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય, ભેદજ્ઞાન, સમ્યગ્દર્શન, પુરુષાર્થ, મોક્ષમાર્ગ એ બધું એક સાથે આવી ગયું છે.

**(૧૩૪) નિર્મળ ક્રમબદ્ધપર્યાય ક્યારે શરૂ થાય ?**

બધાય દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે અને તેમાં તે તદ્રૂપ છે. જીવ પોતાની પર્યાયથી ઊપજતો હોવા છતાં તે અજીવને ઉપજાવતો નથી, એટલે અજીવ સાથે તેને કાર્યકારણપણું નથી. આમ હોવા છતાં અજ્ઞાની પોતાની દૃષ્ટિ પોતાના જ્ઞાયક-સ્વભાવ તરફ ન ફેરવતાં 'હું પરને કરું' એવી દૃષ્ટિથી અજ્ઞાનપણે પરિણમે છે અને તેથી તે મિથ્યાત્વાદિ કર્મોનો નિમિત્ત થાય છે. ક્રમબદ્ધ તો ક્રમબદ્ધ જ છે, પણ અજ્ઞાની પોતાના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય નથી કરતો તેથી તેને ક્રમબદ્ધપર્યાય શુદ્ધ ન થતાં વિકારી થાય છે. જો જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે તો દૃષ્ટિ પલટાઈ જાય ને મોક્ષમાર્ગની નિર્મળ ક્રમબદ્ધપર્યાય શરૂ થઈ જાય.

**(૧૩૫) માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ.**

ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાનસ્વભાવ છે તે સ્વ-પરનો પ્રકાશક છે એટલે પદાર્થો જેમ છે તેમ તેને જાણનાર છે, પણ કોઈને આઘુંપાછું ફેરવનાર નથી. ભાઈ ! જગતના બધા પદાર્થોમાં જે પદાર્થની જે સમયે જે અવસ્થા થવાની છે તે થવાની જ છે, કોઈ પરદ્રવ્યની અવસ્થામાં ફેરફાર કરવા તું સમર્થ નથી. તો હવે તારે શું કરવાનું રહ્યું? પોતાના જ્ઞાયકસ્વભાવને ચૂકીને 'હું પરનો કર્તા' એવી દૃષ્ટિમાં અટકયો છે તેની ગુલાંટ મારીને જ્ઞાનસ્વભાવ તરફ તારી દૃષ્ટિ ફેરવ ! જ્ઞાયક તરફ દૃષ્ટિ કરતાં ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા રહી જાય છે તે જ્ઞાતા પોતાના નિર્મળ જ્ઞાનાદિ પરિણામનો તો કર્તા છે, પણ રાગાદિનો

કે કર્મનો કર્તા નથી. આવા જ્ઞાતાસ્વભાવને જે ન માને અને પરનો કર્તા થઈને તેની ક્રમબદ્ધપર્યાય ફેરવવા જાય તો તે જીવને સર્વજ્ઞની પણ ખરી શ્રદ્ધા નથી. જેમ સર્વજ્ઞભગવાન જ્ઞાતા-દૃષ્ટાપણાનું જ કાર્ય કરે છે, કોઈના પરિણમનને ફેરવતા નથી તેમ આ આત્માનો સ્વભાવ પણ જ્ઞાતા-દૃષ્ટાપણાનું કાર્ય કરવાનો જ છે.

પુણ્ય-પાપ અધિકારની ૧૬૦મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે-

सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।
संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને.

જ્ઞાનસ્વરૂપી આત્મા તો સર્વનો જ્ઞાયક તથા દર્શક છે, પણ પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેની પ્રતીત કરતો નથી તેથી જ તે અજ્ઞાનપણે વર્તે છે. સર્વને જાણનારો જે પોતાનો સર્વજ્ઞસ્વભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવ તેને પોતે જાણતો નથી તેથી જ્ઞાતા-દૃષ્ટાપણાનું પરિણમન ન થતાં અજ્ઞાનને લીધે વિકારનું પરિણમન થાય છે. જ્ઞાનસ્વભાવની પ્રતીત પછી જ્ઞાનીને અસ્થિરતાના કારણે અમુક રાગાદિ થાય ને જ્ઞાનનું પરિણમન ઓછું હોય તેની અહીં મુખ્યતા નથી, કેમ કે જ્ઞાનીને જ્ઞાતા-દૃષ્ટાપણાની જ મુખ્યતા છે. જ્ઞાયકદૃષ્ટિના પરિણમનમાં રાગનું કર્તાપણું નથી.

**(૧૩૬) 'પુરુષાર્થ' ઊડે નહિ ને 'ક્રમ' પણ તૂટે નહિ.**

પોતાની ક્રમબદ્ધપર્યાયમાં જ્ઞાતાપણાનું કાર્ય કરતો જીવ બીજાનું પણ કાર્ય કરે એમ બનતું નથી. આ રીતે જ્ઞાયક જીવ અકર્તા છે. જડ કે ચેતન, જ્ઞાની કે અજ્ઞાની, બધાય પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે.

જ્ઞાયકસ્વભાવના આશ્રયે પુરુષાર્થ થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ.
જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ.
જ્ઞાયકસ્વભાવના આશ્રયે ચારિત્રદશા થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ.
જ્ઞાયકસ્વભાવના આશ્રયે આનંદ પ્રગટે, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ.
જ્ઞાયકસ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન થાય, છતાં પર્યાયનો ક્રમ તૂટે નહિ.

જુઓ, આ વસ્તુસ્થિતિ! પુરુષાર્થ ઊડે નહિ ને ક્રમ પણ તૂટે નહિ. જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરેનો પુરુષાર્થ થાય છે અને તેવી નિર્મળ દશાઓ થતી જાય છે છતાં પણ પર્યાયનું ક્રમબદ્ધપણું તૂટતું નથી. *(ક્રમશઃ)*

## An Eminent Jain Scholar Mr. Subhash Sheth's Lecture tour on jainism in U.S.A.

## Schedule 2009

| S. No. | Date | City | Contact |
|---|---|---|---|
| 1. | Aug 23<br>Sept 04<br>Sun - Fri | Los Angeles CA<br>**(Das Laxan parva at jain Center :**<br>Aug 24 – Sept 03 | Anil / Kalpana shah<br>909-623-8864 |
| 3. | Sept 05 - 09<br>Sat - Wed | Tampa, Florida<br>**(Tampa International Airport)** | Dr. Siddharth H. Shah<br>Dr. Rakesh P. Shah<br>727-934-6141 |
| 4. | Sept 10-17<br>Thur - Thur | Lansdale, PA<br>**(Philadelphia Airport)** | Pravin / Kalpana Shah<br>215-362-5598 |
| 4. | Sept 18-22<br>Fri - Tue | Jain Center of America,<br>New york, NY<br>**(Road Journey from Lansdale to New York)** | Susmita Mehta<br>718-225-2929<br>Dr. Haresh Shah<br>718-275-3049 |
| 5. | Sept 23<br>Wed | Leaving for Mumbai<br>India | |

For further information, please contact :

**Hasmukh M. Shah,** President : Jain Swadhyay Mandir Songadh (USA)

Phone : 727-934-3255 / 727-534-5168.

Email : hasmukh33@yahoo.com

### મુમુક્ષુઓના લાભાર્થે સોનગઢમાં સંસ્કૃતનો વર્ગ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા મુમુક્ષુઓ લાભનું કારણ થાય તે હેતુએ સંસ્કૃતના વિદ્વાન અધ્યાપક દ્વારા સાંજે ૬-30 થી ૭-30ના સમયે સંસ્કૃતના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સંસ્કૃત ભાષાનું તથા વ્યાકરણનું શિક્ષણ આપવામાં આવશે. તા. ૧-૭-૨૦૦૯ બુધવારના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના માંગલિક પછી ટ્રસ્ટના મંત્રી શ્રી ચિમનભાઈ મોદી દ્વારા મંગળદીપ પ્રગટાવીને આ વર્ગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

## અમેરિકાના ફ્લોરિડા રાજ્યના ટેમ્પાનગરમાં પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૦મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં આધ્યાત્મિક શિક્ષણ શિબિરનો કાર્યક્રમ યોજાયો

અમેરિકાના ફ્લોરિડા રાજ્યના ટેમ્પા નગરમાં તા. ૨૨-૫-૨૦૦૯ થી તા. ૨૫-૫-૨૦૦૯ સુધી ચતુર્દિવસીય આધ્યાત્મિક શિક્ષણ શિબિરનો કાર્યક્રમ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૦મી જન્મજયંતીના ઉલપક્ષ્યમાં ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન થયો. જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ **U.S.A.** દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં અમેરિકામાંથી ઘણા દૂર દૂરથી આવેલા નાઈરોબી તથા ભારતના મુમુક્ષુ ભાઈબહેનોએ ઉત્સાહથી લાભ લીધો હતો.

ભારતથી આવેલ આત્માર્થી વિદ્વાન શ્રી રાજેન્દ્ર કામદાર તથા અમેરિકામાંથી આવેલ અન્ય વિદ્વાનોએ આ શિબિરમાં મોક્ષમાર્ગપ્રકાશક, નિયમસાર, સમયસાર, પુરુષાર્થસિદ્ધિયુપાય વગેરે ગ્રંથો ઉપર શિક્ષણ આપ્યું. આ શિબિરમાં બાળકો અને યુવાનો માટે અંગ્રેજી ભાષામાં પણ જૈનધર્મના શિક્ષણવર્ગ ચલાવવામાં આવ્યા.

તદુપરાંત આ કાર્યક્રમ દરમિયાન શ્રી જિનેન્દ્ર પૂજન-ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી **CD** પ્રવચનો ધાર્મિક પ્રશ્નોત્તરી **(Quiz)** ધાર્મિક સંવાદો વગેરે અર્થપૂર્ણ ભાવવાહી રસપ્રદ કાર્યક્રમોનો પણ સમાવેશ કરાયો હતો.

ફ્લોરીડાનિવાસી ડૉ. સિદ્ધાર્થ શાહ તથા રાકેશ પી. શાહના સૌજન્યથી શિબિરના શિબિરાર્થીઓને સ્મૃતિચિહ્ન ભેટ આપવામાં આવ્યું હતું. તથા રમાબેન હસમુખભાઈ શાહ તથા કલ્પનાબેન અનિલભાઈ શાહ તરફથી સૌને સમયસાર, આત્મસિદ્ધિ તથા ભજનોની સીડી ભેટ આપવામાં આવી હતી.

આ સંસ્થા ઉત્તર અમેરિકાના જુદા જુદા સ્થળોએ દરવર્ષે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં ચાર દિવસના કાર્યક્રમોનું આયોજન કરે છે. તે પ્રમાણે આવતી ૧૨૧મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં લોસ એન્જેલસમાં તા. ૨૮ થી ૩૧ મે ૨૦૧૦ દરમિયાન પણ આવા જ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તે માટે સર્વે મુમુક્ષુઓને હાર્દિક નિમંત્રણ છે.

વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર

હસમુખ એમ. શાહ, પ્રમુખ : જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ (U.S.A.)
**Phone-727-934-3255/6141**
**Email : hasmukh33@yahoo.com or kahanguru@gmail.com**
**web : www.atma-darshan.org**

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસારનાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

**રક્ષાબંધનપર્વ :**—શ્રાવણી પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૫-૮-૨૦૦૯, બુધવારના દિવસે પૂજા-ભક્તિના આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

❀ **જ્ઞાનવૈભવ-પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ :**-'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૧૯-૮-૦૯ બુધવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય, ઊંડાઆદર્શઆત્માર્થી, કુંદકુંદ સરસ્વતીના પુત્ર, સમયસાર આદિ પંચ પરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૧૦૨મો જન્મદિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૬મી જન્મજયંતી (તા. ૩-૮-૨૦૦૯ થી તા. ૭-૮-૨૦૦૯)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૩૧-૭-૨૦૦૯, શુક્રવારથી તા. ૧૯-૮-૨૦૦૯, બુધવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

અખિલ મહારાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુવૃંદ દ્વારા

**અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની**

# ૯૬મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓની ૯૬મી જન્મજયંતી આ વર્ષે અખિલ મહારાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુવૃંદ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૬મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૩-૮-૨૦૦૯, સોમવાર થી તા. ૭-૮-૨૦૦૯, શુક્રવાર—પાંચ દિવસ સુધી શ્રી જંબૂદ્વીપસ્થ ત્રિકાલસ્થ જિનેન્દ્ર પૂજન વિધાન, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૩૧-૭-૨૦૦૯થી તા. ૧૯-૮-૨૦૦૯—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧૨-૭-૨૦૦૯ રવિવારે સાનંદ સંપન્ન થઈ તથા મુંબઈમાં તા. ૧૯-૭-૨૦૦૯ રવિવારે રાખેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● શ્રી પદ્મનંદિ આચાર્ય બ્રહ્મચર્યનો મહિમા કરીને કહે છે કે અરે યુવાનો! તમને મારી વાત ન રુચે તો હું મુનિ છું તેમ જાણીને માફ કરજો....એમ આ તત્ત્વની પરમ સત્ય વાત અમે કહીએ છીએ, બંધનથી છૂટવાના કારણભૂત પરમ અધ્યાત્મતત્ત્વની વાત કહીએ છીએ, છતાં કોઈને અનાદિના આગ્રહવશ ન રુચે તો અમને માફ કરજો. ભાઈ! અમે તો મોક્ષના માર્ગે છીએ એથી અમે બીજું શું કહીએ! તમને ન રુચે ને દુઃખ થાય તો માફ કરજો ભાઈ! ૪૮૫.

● જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. આયુષ્ય બંધાઈ ગયું હશે તો! એવી શંકાને સ્થાન ન હોય. મોળી–પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો, તું જ દેવાધિ દેવ છો તેમ લેવું. ૪૮૬.

● ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ ભૂતકાળની પર્યાય અનંતમાં ભાગે છે અને ભૂતકાળની અપેક્ષાએ વર્તમાન એક સમયની પર્યાય અનંતમાં ભાગે છે અને ગુણ તો ત્રણેકાળની પર્યાયનો પિંડ છે. આમ વસ્તુ કાળે અને ભાવે એક સમયના પર્યાય કરતાં અનંતગુણી મોટી છે. પર્યાય તો કાળે અને ભાવે વસ્તુથી અનંતમાં અનંતમાં ભાગે છે. વસ્તુના આવા મહાન અસ્તિત્વની દૃષ્ટિમાં એક સમયની પર્યાય તે ભલે પર્યાયપણે સત્ હો, પણ આવા મહાન દ્રવ્યની દૃષ્ટિમાં એક સમયની પર્યાય પણ અભૂતાર્થ છે. ૪૮૭.

● શ્રોતા :—આ સ્વરૂપ લક્ષમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?

પૂજ્ય ગુરુદેવ :—પુરુષાર્થ જોઈએ, પુરુષાર્થ જોઈએ. અંદરમાં શક્તિ પડી છે તેનું માહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ જ છે. પર્યાયની અપેક્ષાએ વસ્તુ અપ્રગટ કહેવાય છે. આમ તો વસ્તુ પણ પ્રગટ જ છે કાંઈ આડુ ઢાંકણું નથી.

પ્રથમ વસ્તુનું માહાત્મ્ય આવવું જોઈએ, ભાન થાય તો માહાત્મ્ય આવે—એમ નહીં. કેટલાક એમ લઈ લે છે, પણ પહેલાં માહાત્મ્ય આવે તો માહાત્મ્ય આવતાં આવતાં ભાન થાય. ૪૮૮.

આત્મધર્મ
જુલાઈ-૨૦૦૯
અંક-૧૧ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ *

આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ. કોઈ જાતની અન્યમાં તન્મયતા ન થાય, આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ વસ્તુ આશ્ચર્યભૂત ન લાગે, એક પોતાનો આત્મા જ આશ્ચર્યકારી ને સર્વોત્કૃષ્ટ લાગે, આત્મા કરતાં કોઈ ચીજની મહિમા વધી ન જાય, દેવ-શાસ્ત્ર-ગુરુ અને એક આત્મા તેના કરતાં બીજું કાંઈ વિશેષ લાગે નહિ, એવી પાત્રતા હોવી જોઈએ. બહારના નિષ્પ્રયોજન પ્રસંગોમાં કે કષાયોના રસમાં વિશેષ એકત્વ-તન્મય થઈ જાય, તે બધું આત્માર્થીને-પાત્રતાવાળાને ન હોય. જેને આત્માનું પ્રયોજન છે તેને પર સાથેનું એકત્વ મંદ પડી જાય છે—અનંતાનુબંધીનો બધો રસ મંદ પડી જાય છે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

Printed & published [illegible]al Thakarshi Modi on behalf [illegible]ri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org